Monday
17.04.2023
*Volume :7 * Issue No.258
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-



# વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ સમાજશકિત ને રાષ્ટ્રનિર્માણ માં જોડવાની પ્રેરણા આપી છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## ગાંધીનગર માં આયોજિત અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભા માં મુખ્ય મંત્રી શ્રી ની પ્રેરક ઉપસ્થિતિ









## સામાજિક અને સાંસ્કૃતિક ઐકય વધુ પ્રબળ બનાવવા સૌના સાથ સૌના વિકાસ સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ ના મંત્ર થી આગળ વધીએ

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ખાતે યોજાયેલ અખિલ ભારતીય આંજણા સમાજની મહાસભામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજશક્તિને રાષ્ટ્રનિર્માણમાં જોડવાની પ્રેરણા આપી છે. ગુજરાતની ધરતી પર આયોજિત અખિલ ભારતીય આંજણા સમાજની મહાસભામાં સહભાગી બનેલા સર્વેને આવકારુ છું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' બનાવવાની આપણને હિમાયત કરી છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે કે ભારતનું સામાજિક સાંસ્કૃતિક ઐક્ય વધુ પ્રબળ બને. વડાપ્રધાનશ્રીએ તો આપણી સનાતન ભાવના વસુધૈવ કુટુંબકમ, સમગ્ર વિશ્વ એક પરિવારનો ધ્યેય ભારતને જી-ટ્વેન્ટીની પ્રેસિડેન્સી અપાવીને ચરિતાર્થ કરી છે. તેમણે કહ્યું હતું કે, વિવિધતામાં એકતા જળવાય અને સૌ સાથે મળી વિકસિત રાષ્ટ્ર બનાવવાના કાર્યો કરીએ એવું તેમનું આહવાન છે. વડાપ્રધાનશ્રીના આ કોલને જીલીને ગુજરાત સરકારે ભારતના અન્ય રાજ્યોના લોકો ગુજરાત સાથેનો જુનો સંબંધ તાજો કરે તેવા આયોજનો કર્યા છે. આવતીકાલથી શરૂ થનાર સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમ આનું ઉદાહરણ છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના "એક ભારત, શ્રેષ્ઠ ભારતના' કોલને સાકાર કરવા આજે સમગ્ર ભારતનો આંજણા ચૌધરી સમુદાય અહીં એક મંચ પર આવ્યો છે આંજણા ચૌધરી સમાજે દરેક ક્ષેત્રે ઉડીને આંખે વળગે એવી પ્રગતિ કરી. અર્બુદા માતાના વંશજો, આંજણા ચૌધરી સમાજના ભાઈ-બહેનોએ તો એમની સમાજ શક્તિનો પરિચય દેશવિદેશમાં પણ આપ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, આંજણા ચૌધરી તો ગ્રામ-સંસ્કૃતિ, કૃષિ, દૂધ ઉત્પાદન અને પશુપાલન ક્ષેત્રે પરસેવો પાડી સિદ્ધિના શિખરો સર કરનારો પુરૂષાર્થી સમાજ છે.આવી સમાજશક્તિને સરકારનું પ્રોત્સાહન અને સૌનો સહકાર મળે તો કેવી ઉન્નતિ થાય તેનું જીવંત ઉદાહરણ આદરણીય શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતના સર્વગ્રાહી વિકાસથી પુરૂ પાડ્યુ છે.સમાજ પોતાના સંતાનો ભણે-ગણે તેની દરકાર લેતો હોય, જે સમાજના લોકો "મેં નહીં હમ"ના મંત્ર સાથે વિકાસનું મંથન થતું હોય તે સમાજ એક સાચો પ્રગતિશીલ સમાજ છે. આંજણા ચૌધરી સમાજનો ખેડૂત સિંહગર્જના કરનારો છે - જમીન ચીરીને અનાજ પેદા કરનારો જગતનો તાત છે, તેવું કહી જણાવ્યું હતું કે, સરકારી-ખાનગી નોકરીઓ-વેપાર અને શિક્ષણ ક્ષેત્રે આ સમાજના લોકોએ મોટી સફળતા મેળવી છે. પોતાની દિકરીઓ-વહુઓને ઉચ્ચ શિક્ષિત બનાવીને આંજણા ચૌધરી સમાજે ઉત્તર ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે આગવી કેડી કંડારી છે.આજે આઈ.એ.એસ, આઈ.પી.એસ, અધિક કલેક્ટર જેવી ઉચ્ચ પદની નોકરી કરી રહ્યા છે. સ્પર્ધાત્મક પરિક્ષાની પૂર્વ તાલીમ પણ આંજણા મહાસભા આપે છે. એટલુ જ નહીં આર્થીક સહાય પણ પુરી પાડે છે. તેમણે ઉમેર્યું હતું કે, આ સમાજની મહેનતના પ્રતાપે ઉત્તર ગુજરાતની ભૂમિ દૂધ, ઘીથી મહેંકતી ધરતી બની છે. બનાસકાંઠાના ચૌધરી પરિવારો-ધરતીપુત્રોએ બટાકાના ઉત્પાદનમાં વિશ્વવિક્રમ સર્જ્યો છે. આંજણા ચૌધરી સમાજના પશુપાલકો-કિસાનોની મહેનત અને પરસેવાથી સિંચાયેલી એશિયાની સૌથી મોટી ડેરી – બનાસ ડેરી ઉત્તર ગુજરાતની શાન છે. તેમણે જણાવ્યુ હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈનાં પદચિન્હો પર ચાલીને જ દરેક સમાજને સાથે રાખી, દરેક સમાજને સમાન અવસરો પૂરા પાડી, દરેક સમાજની સર્વાંગી વિકાસયાત્રાને આગળ વધારવા આપણે પ્રતિબદ્ધ છીએ. વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી એ આ પ્રસંગે ભારતભરમાંથી ઉપસ્થિત સમાજના આગેવાનોને આવકારતાં કહ્યું હતું કે, સમાજ- દેશના હિત માટે તમામે એક સાથે, એક મંચ પર આવવું જરૂરી છે. ચૌધરી સમાજના વિવિધ સંમેલનોમાં પણ આ પ્રકારની હકારાત્મક પહેલ થવી જરૂરી છે. સમાજ અને દેશના વિકાસમાં આપણું વધુને વધુ ભૂમિકા નક્કી કરવી પડશે. સૌથી નાની જ્ઞાતિ તરીકે આપણે વધુને વધુ પ્રગતિ કરવા જ્ઞાન- શિક્ષણ,વ્યસન મુક્તિ અને તાલીમ - કૌશલ્યનો માર્ગ અપનાવવા પણ સૌને અનુરોધ કર્યો હતો. અધ્યક્ષશ્રી આ પ્રસંગે મહાસભાના મુખ્ય આયોજક અને શેઠ શ્રી હરિભાઈ ચૌધરીએ સમાજના હિત માટે આપેલા પ્રદાનને બિરદાવી તેમણે ૭૫મા જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભાના માર્ગદર્શક અને સંરક્ષક તેમજ શિકારપુરના પૂજ્ય મહંત શ્રી શ્રી ૧૦૮ શ્રી દયારામજી મહારાજે આ પ્રસંગે સૌને આર્શીવચન આપી સમાજના વિકાસ થકી દેશની પ્રગતિમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદાન આપવા અનુરોધ કર્યો હતો. સ્વામી શ્રી સચ્ચિદાનંદ મહારાજે આ પ્રસંગે સમાજના ભાઈ -બહેનોને આશીર્વાદ આપતાં કહ્યું હતું કે આજે હું ચૌધરી સમાજની ભૂતી અને વિભૂતિઓના દર્શન કરવા આવ્યો છું.ચૌધરી સમાજની ૫૦ વર્ષની પ્રગતિને ખૂબ નજીકથી નિહાળી છે.છેલ્લા ૫૦ વર્ષની પ્રગતિનો હું સાક્ષી રહ્યો છે.આજે ચૌધરી સમાજ ગુજરાત અને ભારતની પ્રગતિ-વિકાસમાં ખૂબ મોટું પ્રદાન આપી રહ્યો છે. ન્યાય- નીતિ દ્વારા સમાજ આર્થિક અને સામાજિક પ્રગતિ તેવા આર્શિવચન આપ્યા હતા. સ્વામીજી એ આ પ્રસંગે મુખ્ય દાતા શેઠ શ્રી હરિભાઈ ચૌધરીએ સમાજના વિકાસ માટે આપેલા પ્રદાનને બિરદાવી સ્વસ્થ્ય જીવનની શુભકામનાઓ પાઠવી હતી. રાજસ્થાન સરકારના કેબિનેટ મંત્રી શ્રી ઉદયલાલ આંજણા તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી અને સાંસદ શ્રી પરબતભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે ૯મા અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભાના મુખ્ય આયોજક-દાતા શેઠ શ્રી હરિભાઈ ચૌધરીની ૭૫મી જન્મ જયંતી નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે મહાસભા વતી 'સમાજ રત્ન' એવોર્ડ આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સહિતના ચૌધરી સમાજના પ્રતિષ્ઠિત સાહિત્યકાર- લેખકો , પત્રકારો દ્વારા વિવિધ વિષયો પર લેખિત ૭,૫૦૦ જેટલા પુસ્તકોનું શેઠ શ્રી હરિભાઈ ચૌધરીની વજન તુલા કરીને રાજ્યભરના વિવિધ ગામોમાં કાર્યરત ચૌધરી સમાજની લાયબ્રેરીમાં મુખ્યમંત્રી શ્રી સહિત મહાનુભાવોના હસ્તે ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. વરિષ્ઠ પત્રકાર અને પદ્મ શ્રી દેવેન્દ્રભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભાના અધ્યક્ષ શ્રી વિરજીભાઈ ઝુંડાલે પ્રથમવાર ગુજરાતના ગાંધીનગરમાં આયોજિત મહા અધિવેશનમાં સ્વાગત પ્રવચન કરીને મહા અધિવેશનનો ઉદ્દેશ અને કાર્યક્રમની રૂપરેખા આપી હતી. મહાસભાના મહામંત્રી શ્રી જોગરામ ચૌધરીએ આભારવિધિ કરી હતી. ૯ મા અખિલ ભારતીય આંજણા સમાજ મહા અધિવેશનમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી હરિભાઈ ચૌધરી, રાજસ્થાનના સાંસદ શ્રી દેવજીભાઈ ચૌધરી, ખેરાલુના ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી, પૂર્વ ધારાસભ્ય શ્રી રમીલાબેન દેસાઈ, શ્રી અમિતભાઈ ચૌધરી, શ્રી પરથીભાઈ પટેલ શ્રી નાથાભાઈ પટેલ, શ્રી શિવાભાઈ ભુરીયા,દૂધ સાગર ડેરીના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી,પૂજ્ય વંદનીય શ્રી ભગવતી બાઈજી, જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા અને પ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી રઘુવીરભાઈ ચૌધરી સહિત ભારતભરના ૧૨ રાજ્યોમાંથી મહાસભાના ઉપ પ્રમુખ શ્રી, મહામંત્રી શ્રી, હોદેદારો તેમજ ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંથી હજારોની સંખ્યામાં ચૌધરી સમાજના સાહિત્યકારો, ઉદ્યોગપતિઓ,અગ્રણીઓ, ઉચ્ચ અધિકારીઓ, ભાઈઓ -બહનો સહભાગી થયા હતા.

# ગુજરાતમાં તમિલ સંસ્કૃતિ અને સંપ્રદાયને જીવંત રાખતું દ્રવિડ શૈલીમાં બનેલું ૧૨૬ વર્ષ જૂનું શ્રી લક્ષ્મીનારાયણ મંદિર

## "સૌરાષ્ટ્રીયન તમિલોને આવકારવા અને પોતીકાપણું અનુભવ કરાવવા અમે તૈયાર છીએ" - શ્રી મધુસુદનાચાર્ય સ્વામીજી













કમલમ્ ન્યુઝ,

ગીર સોમનાથ જિલ્લાની વાત કરીએ એટલે માનસ પટલ ઉપર દેવાધિદેવ મહાદેવનું સોમનાથ મંદિર તાદૃશ્યમાન થઈ જાય. શિવશંભુ ભોળાના દર્શન કરીને આજે અનેક લોકોએ ધન્યતા અનુભવી છે પરંતુ આજે વાત કરવી છે સોમનાથ મંદિરનું પરિસર શરૂ થતાં પહેલાં જ આવેલા દ્રવિડ શૈલીમાં બનેલ ૧૨૬ વર્ષ જૂના શ્રી લક્ષ્મીનારાયણ અને તિરૂપતિ બાલાજી મંદિરની અનુભૂતિ કરાવતા શ્રી બાલાજી મંદિરની. મુખ્ય માર્ગથી આગળ વધતા જ હમીરજી ગોહિલના પ્રતિમા પાસે પહોંચતા જ દક્ષિણ સ્થાપત્ય શૈલીમાં બનેલું મૂળ તમિલનાડુના રામાનુજ સંપ્રદાયના લક્ષ્મીનારાયણ મંદિર નજરે પડે છે. જેની સ્થાપના ૧૮૯૭માં કરવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ જાત-પાત, સ્ત્રી-પુરુષના ભેદભાવોને નાબૂદ કરી, સૌના પ્રભુના સિદ્ધાંતને લોકોમાં પ્રસ્થાપિત કરવાનો હતો. દ્રવિડ શૈલીમાં મંદિરના નિર્માણ અંગેનીવાતકરતા શ્રી મધુસુદનાચાર્ય સ્વામીજીએ જણાવ્યું હતુ કે, તમિલ સંસ્કૃતિ અને મૂળ તમિલ સંપ્રદાયની અનુભૂતિ લોકો ગુજરાતની ધરા ઉપર કરી શકે તે માટે તત્કાલીન ગાદીપતિ શ્યામ સુંદર સ્વામી દ્વારા ૧૯૯૭માં મંદિરની શતાબ્દી બાદ દ્રવિડિયન શૈલીના મંદિરના નવ નિર્માણનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં દક્ષિણ સ્થાપત્ય શૈલીના કારીગરો ન મળવાથી શ્રી શ્યામ સુંદર સ્વામી દક્ષિણ ભારત ગયા હતા. જયાં તેઓ ડો.આર.એસ વરદરાજને મળ્યા હતા. જેમણે મંદિરના નિર્માણ માટે કારીગરોની વ્યવસ્થા કરી આપી હતી. તેમણે ઉમેર્યુ હતું કે, ડો.આર.એસ વરદરાજ દ્વારા જ મંદિરનું નિર્માણ પૂરું થયા બાદ ભગવાનની મૂર્તિમાંથી પ્રાણને કળશ અને ત્યારબાદ ફરી મૂર્તિમાં પ્રસ્થાપિત કરવાની દક્ષિણ ભારતની ખાસ કલાકર્ષણ અને આકર્ષણ વિધિ કરવામાંઆવી હતી. તામિલનાડુના આ મૂળ સંપ્રદાય સાથે આજે સોમનાથ અને તેની આસપાસના અનેક લોકોજોડાયેલા છે.આજે પણ તમિલનાડુના મુખ્ય સંપ્રદાયો માંહેના આ એક સંપ્રદાયની મુખ્ય ગાદી તમિલનાડુના તોતાદ્રીમઠ કે જે કન્યાકુમારીથી ૫૦ કિલોમીટર દૂર વનમામલે નાગુલેરી ખાતે આવેલી છે. લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર દ્રવિડિયન શૈલીની પંચરત્ન આગમ સ્થાપત્ય શૈલીનું છે, જ્યારે બાલાજી મંદિર તિરૂપતિ બાલાજીની પ્રતિકૃતિ સમાન વૈખાનસ પદ્ધતિનું સ્થાપત્ય છે. બંને મંદિરોની પૂજા દક્ષિણ ભારતની શાસ્ત્રોક્ત વિધિ અને પધ્ધતિ અનુસાર કરવામાં આવે છે. ચૈત્ર સુદ છઠ્ઠ થી દશમ સુધી મંદિર દ્વારા ખાસ ઉત્સવ ઉજવવામાં આવે છે જેમાં સંપ્રદાયના મુખ્ય સિદ્ધાંત સર્વજન વિષ્ણુમયને પરિપૂર્ણ કરતા ઉત્સવ મૂર્તિ નગર ચર્ચા કરે છે અને દરેક ભકત કોઈ પણ નાત જાતના ભેદભાવ વિના ભગવાનને પોતાના ઘરે પધરામણી કરાવી શકે છે. મંદિરની એક ખાસિયત છે કે, માતા લક્ષ્મી પ્રભુની જમણી બાજુ આવેલા છે જે પણ માતાના આગમન થકી નારાયણની કૃપા પ્રાપ્ત કરવા માટેનો વિચાર દર્શાવે છે તેમ શ્રી મધુસુદનાચાર્ય સ્વામીજીએ કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ મંદિરના ખાસ રાજગોપૂરમ, ગરુડ સ્તંભ, ગરુડ મંદિર, વિમાન ગોપૂરમનું બાંધકામ સંપૂર્ણ દક્ષિણ શૈલીનું છે. ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ "એક ભારત અને શ્રેષ્ઠ ભારત"ની સંકલ્પનાને સાકાર કરતા "સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ" માં આવનાર સૌરાષ્ટ્રીયન તમિલ બંધુઓને આવકારવા અમે તૈયાર છીએ. અમને આશા છે કે તમિલનાડુ અને સોમનાથ વચ્ચેની સંસ્કૃતિની સામ્યતાઓ થકી માતૃભૂમિ અને કર્મભૂમિ સાથે જોડાયેલી સંવેદનાઓ તેમને પોતીકાપણાનો અનુભવ કરાવશે તેઓ વિશ્વાસ શ્રી મધુસુદનાચાર્ય સ્વામીજીએ વ્યક્ત કર્યો હતો.

